
શિશુ-મિલાપ : સંપુટ પહેલો
મને મોજ કરવાના
ભાવ જાગે!
લેખક : મોહિની બક્ષી
ચિત્રકાર : જગદીશ જોશી





ઘણા વખત પહેલાંની વાત છે. એક કૂકડાએ ને મોરે મળીને એક ખેતર ભાગમાં વેચાતું લીધું. બેય જણે નક્કી કર્યું કે, આપણે ભેળા મળીને ખેડ કરશું ને ખેતરમાં જે કાંઈ નીપજશે તે વહેંચી લેશું.

બીજે દિવસે કૂકડો તો વહેલી સવારે તાજેમાજે થઈને ઊઠી ગયો. મોરને એણે હાક મારી :


"હાલો ઝટ, હાલો ઝટ! આજ તો આપણે આપણી જમીન ખેડવાની છે."

ઘડીભર વિચાર કરીને મોર બોલ્યો :

"આજ તો મને નાચવાના ભાવ જાગે,
મારા પગમાં ઘૂઘરા વાગે;
જાઓ, જઈને સાંતી જોડો,
આ અબઘડી હું આવ્યો."

કૂકડો તો મૂંઝવણમાં પડી ગયો. પણ ખેડની વેળા વહી જતી હતી, એટલે પોતાના ભાઈબંધને ઠેકતો ને પગ પછાડતો મૂકીને ઝટ ઝટ એ ખેતરે પહોંચી ગયો.


સવારથી તે ઠેઠ મોડી સાંજ સુધી એણે ખૂબ મહેનત કરી અને ખેતરની તસુએ તસુ ભોંય હળ વડે ખેડી નાખી.



વળતે દિવસે એ મોરને કહે : “આજ તો વહેલી
સવારથી આપણે કામે ચડી જવાનું છે.
વાવણીમાં આખો દિવસ લાગી જશે.”

મોરે જવાબ દીધો :
“આજ મને વિચારવાના ભાવ જાગે,
ખાવાની વાત મનમાંથી ભાગે;
તમે જાઓ, જઈને વાવણી કરો,
હું મારા કરી લઉં વિચારો.”

કૂકડાએ જઈને ખેતરમાં દાણા વાવ્યા. આખો દિવસ
એણે મહેનત કરી એકલે હાથે વાવણી કરી.




થોડા વખતમાં તો ઘઉંના કૂણા કૂણા લીલા છોડ ભોંયમાંથી ડોકિયું કરવા લાગ્યા. એટલે કૂકડાએ પોતાના ભાગીદારને કીધુ : “હવે આપણે ખેતરને પાણી પાવું જોશે, નહીંતર છોડવા બધા કરમાઈ જશે.”

મોરે ચાંચ ખુલ્લી મૂકીને ગાવા માંડ્યું :

“આજ મને ગાવાના ભાવ જાગે,
અહીંથી મારો રાગ મલ્હાર વાગે;
ખેતરને પાણી પાવામાં તે શી વાત,
તું પાછો ફરીશ અબઘડી વાર !”



મોરને ગાતો સાંભળીને કંટાળેલો કૂકડો ત્યાંથી છૂટીને
ખેતરને પાણી પાવા એકલો પહોંચી ગયો.



દિવસો જતા ગયા તેમ તેમ ઘઉંના છોડ ઊંચા થતા ગયા. હવે એ લીલા મટીને સોનાવરણા થઈ ગયા ને ડૂંડીઓ વાઢવા જેવી બની ગઈ. કૂકડાએ મોરને કહ્યું : "ભાઈબંધ, હવે લાણીટાણું આવી ગયું છે. ચાલો, આપણે જઈને આપણા ઘઉં વાઢી લઈએ."





પટ દઈને મોરે જવાબ વાળ્યો :

"આજ મને રમવાના ભાવ જાગે,
ભાઈ, મોજ કરવાના ભાવ જાગે;
ઘઉં લણવામાં તે શી છે વિસાત,
તારું કામ પતશે અબઘડી વાર !"

નિરાશ અને ગમગીન ચહેરે કૂકડો એના સાથીને છોડીને ચાલી નીકળ્યો. દિવસભર એણે ઘઉં વાઢ્યા અને રાત પડી ત્યાં સુધીમાં એના પૂળા વાળી નાખ્યા.



બીજે દિવસે જઈને એ મોરને કહે: "આકાશમાં વાદળાં થયાં છે. વરસાદ પડે તે પહેલાં આપણે ઘઉંનું ખળું લઈ લઈએ, નહીંતર બાર મહિનાની નીપજ બગડશે."



પોતાનાં લાંબાં પીછાં ભણી નજર નાખીને મોર કહે:
"આજ મને શણગારના ભાવ જાગે,
પીંછેપીંછું ચળકાવવા મન ચાહે;
ખળું લેતાં લાગે રે શી વાર?
એમાં તે બે જણનું શું કામ?"

દિવસ-રાત મથી મથીને કૂકડાએ ઘઉંની ડૂંડીઓમાંથી દાણા છૂટા પાડયા.







અંતે એ મોરની પાસે આવ્યો ને બોલ્યો : "હવે તો ખાલી એક વાવલવાનું જ કામ બાકી છે. વંટોળિયો આવીને આપણા ઘઉંને ઉડાડી મૂકે તે પહેલાં આપણે એ પૂરું કરી નાખીએ."

મોરે જવાબ વાળ્યો :

"આજ મને ભણવાના ભાવ જાગે,
પોથિયું મારે વાંચવી પાને પાને;
વાવલવામાં તે વળી શી વિસાત,
નાહક મારે કરવી શી પંચાત?"




ધોમ તડકામાં કેટલાય દિવસ સુધી મજૂરી કરીને કૂકડાએ ઘઉંના દાણા ને કુશકી છૂટાં પાડચાં. આખરે કુશકીનો એક મોટો ઢગલો થયો, ને ઘઉંના દાણાની નાની ઢગલી થઈ.



મોરભાઈ હવે મલપતા મલપતા આવી પહોંચ્યા ને બોલ્યા :

“આજ મને મહેનતના ભાવ જાગે,
પણ એમાં રાવ કરવી શા કાજે?
ભાગ પાડવા તો આકરા લાગે,
તોયે હું મથીશ એકલપંડે.”

કૂકડાને થયું કે આ આળસુ મોરને પાઠ ભણાવવાની ઘડી આખરે આવી પહોંચી છે. ખેતરમાં જેણે કદી પગ મૂકેલો નહીં, તેને દાણા ને કુશકીના ભેદની ખબર ક્યાંથી હોય? એટલે કૂકડાએ ચતુરાઈ કરી: “બધું કામ મેં એકલાએ કર્યું છે, એટલે મોટો ઢગલો હું લઈશ.” મૂરખ મોરે ચટ જવાબ વાળ્યો કે, “આપણા બેમાંથી મોટો હું છું, એટલે મોટો ઢગલો તો મારો જ હોય.” એટલું કહેતાંકને એણે કૂકડાને હડસેલી કાઢ્યો ને પોતે કુશકીના ઢગલા પર ચડી બેઠો.



બ ં ભાતભાતનાં પશુપખી આવ્યાં ને કૂકડાના ઘણું બધા વેચાઈ ગયા. પણ કુશકીને તો કોઈ સૂંઘેય નહીં. મોર એને વેચવા જાય ને સહુ એની હાંસી કરે!



અને પછી ગીત ગાવાનો વારો કૂકડાનો આવ્યો
અને એણે મોરને સંભળાવ્યું :
"આજ તને રડવાના ભાવ જાગે,
પણ મુજને તો હસવું બહુ આવે.
આળસ કરે ને વળી લોભ કરે,
કુશકી તેને ભાગ આવે!"

લોકમિલાપ ટ્રસ્ટ
પો. બો. ૨૭, ભાવનગર

રૂ. ૨



મુદ્રક: થોમસન પ્રેસ (ઇન્ડિયા) લિ., ફરીદાબાદ (હરિયાણા)